सत्यमेव जयते

# વિધાન સભા –2024

## સ્પીચ

## માન.ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી,દાહોદ

# અનુક્રમણિકા


1. પ્રસ્તાવના
2. મહત્વની સિધ્ધીઓ
3. આગામી વર્ષના ઉદ્દેશ
4. મહત્વની બજેટ જોગવાઇ
5. સમાપન

## 1. પ્રસ્તાવના

1.1 આજે માનનીય સહકાર મંત્રીશ્રી સહકાર વિભાગની સને:- ૨૦૨૪-૨૫ના વર્ષ માટે રૂ.૧૫૩૮.૭૧ કરોડની માંગણી લઈને આવેલ છે. તે માંગણીના સમર્થનમાં હું મારા વિચારો રજુ કરું છું.

## 2. મહત્વની સિધ્ધીઓ

**માનનીય અધ્યક્ષશ્રી,**

2.1 દેશમાં સહકારી પ્રવૃત્તિનો ઉદયજ ખેડૂતોનેશાહુકારોના શોષણમાંથી મુક્ત કરાવવાના ઉદ્ધેશથી થયેલ  હતો. શરૂઆતના ખેડૂતો પાસે પોતાની જરૂરિયાત મુજબનું ધિરાણ શાહુકારો પાસેથી મેળવ્યા સિવાય કોઈ વિકલ્પ ન હતો.આ સંજોગોમાં તેઓને ધિરાણઆપવા દેશમાં સહકારી ધોરણે ધિરાણ વિષયક કૃષિ મંડળીની રચના કરવામાં આવી અને એ દ્વારા ખેડૂતોનેસહકારી પ્રવૃત્તિ મારફતે શાહુકારોના ચુંગાલમાંથી મુક્ત કરવામાં સહકારી પ્રવૃત્તિએમહત્વનોભાગ ભજવેલ છે.

2.2 ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ જેને પ્રચલિત ભાષામાં પેક્સ કે સેવા મંડળીઓ તરીકે ઓળખાય છે તેમના માધ્યમથી મંડળીના સભાસદોને ધિરાણ પ્રવૃત્તિ કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં ખેડૂતોને ધિરાણ માટે ત્રિસ્તરીય ધિરાણ માળખાની રચના થયેલ છે. જેમાં રાજ્ય કક્ષાએ ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેન્ક, જિલ્લા કક્ષાએ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક તથા ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (પેક્સ) આવેલ છે.

2.3 રાજ્યમાં ખેડૂતોને ધિરાણ તેમના ઘર આંગણેથી જ મળી રહે તે માટે ૧૭ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક, ૧ કોડીનાર તાલુકા કો.ઓપ.યુનિયન બેન્ક

તથા તેમની સાથે જોડાયેલ ૧૦,૩૦૦ પેક્સ મંડળીઓનું મજબુત ધિરાણ માળખુ રાજ્યમાં આવેલ છે. સહકારી સંસ્થાઓ ખેડૂતોને ૭% ના દરે ધિરાણ આપી શકે તે માટેરાજ્ય સરકાર ૨% તથા કેન્દ્ર સરકાર૧.૫% વ્યાજ સહાય સહકારી ધિરાણ સંસ્થાઓને આપે છે.

2.4 રાજ્યની સંવેદનશીલ સરકારેખેડૂતોને વ્યાજનું ભારણ ન રહે અને નિશ્ચિત બની ખેતી માટે જરૂરી ધિરાણ મેળવી શકે તે ધ્યાને રાખી ૪% વ્યાજ રાહત રાજ્ય સરકાર આપી રહેલ છે. ગત વર્ષે રાજ્યના ૨૦ લાખ કરતા વધુ ખેડૂતોને આ યોજના અન્વયે રૂ.૧૬૧૧.૬૨ કરોડ જેટલી માતબર રકમ સહાય તરીકે ચૂકવવામાં આવેલ છે.

2.5 રાજ્યમાં પશુપાલન તથા મત્સ્યપાલનની કામગીરી વધે અને એ રીતે રાજ્યમાં રોજગારી તથા આવકનો એક નવો સ્ત્રોત પેદા થાય તે માટે આ સેક્ટરને પ્રોત્સાહીત કરવા પશુપાલકો તથા મત્સ્યપાલકોને ૨ લાખ સુધીના ટુંકી મુદ્દતના ધિરાણ માટે માટે તેઓને પણ ૪% વ્યાજ સહાય આપવાનો ઐતિહાસિક નિર્ણય રાજ્યની સરકારે કરેલ છે.

2.6 ગ્રામ્ય કક્ષાએ ગોડાઉનના અભાવે ખેડૂતોને પોતાનો માલ તાત્કાલિક વેચવાની ફરજ પડતી હોય છે. પરિણામે સીઝનમાં ઓછા ભાવે વેચાણ કરવાથી ખેડૂતોને નુકસાન થતું હોય છે. રાજ્ય સરકારે આ બાબત ધ્યાને રાખી ગ્રામ્ય કક્ષાએ ગોડાઉન ઉભા કરવા સેવા સહકારી મંડળીઓને સહાય આપી રહેલ છે. રાજ્ય સરકારના આ પ્રયાસોથી રાજ્યમાં ૧૨૬૬ જેટલા ગોડાઉનોનું નિર્માણ પેક્સ દ્વારા થયેલ છે જેના પરિણામે સેવા મંડળીઓ મારફતે ૨.૭૫ લાખ મેટ્રીક ટન થી પણ વધુ સંગ્રહ ક્ષમતા ઉભી થયેલ છે.

2.7 કેન્દ્ર સરકાર દ્વારા પેક્સ મંડળીઓ પરંપરાંગત ધિરાણ, ખાતર વિતરણ જેવી કામગીરી ઉપરાંત મલ્ટી પર્પઝ એટલેકે બહુહેતુક કામગીરી કરી શકે તે માટે મોડલ બાયલોઝ તૈયાર કરાવેલ હતા. રાજ્યની કાર્યરત પેક્સ દ્વારા આ મોડલ બાયલોઝ અપનાવવામાં આવેલ છે. આ મોડલ બાયલોઝના

કારણેમોડલ બાયલોઝ અપનાવવાથી મંડળી પંરપરાગત ધિરાણ અને ખાતર વિતરણ ઉપરાંત ફિશરીઝ, ડેરી, પેટ્રોલ/ડીઝલ વિતરક, મરઘા ઉછેર, મધમાખી ઉછેર, પ્રોસેસિંગ, બ્રાન્ડીંગ, માર્કેટીંગ , સ્ટૉરેજ જેવી અનેક પ્રકારની કામ કરી આર્થિક રીતે વધુ અનુકુળ બની શકશે.

2.8 સેવા મંડળીઓ ગ્રામ્ય અર્થતંત્રનું એક વાઈબ્રન્ટ એકમ બની રહે અને તેઓના સભાસદોને ઉત્તમ સેવાઓ પૂરી પાડી શકે તે માટે તેઓ જન ઔષધિ કેન્દ્ર, કોમન સર્વીસ સેન્ટર **(CSC)**, પ્રધાનમંત્રી કિસાન સમૃધ્ધિ કેન્દ્રો(**PMKSK)**જેવી વિવિધ કામગીરી શરૂ કરે તે માટે તમામ સવલતો પૂરી પાડવામાં આવી રહેલ છે. તેમજ તેઓને પ્રોત્સાહિત કરવામાં આવી રહેલ છે.

# ૩. આગામી વર્ષના ઉદ્દેશ

**માનનીય અધ્યક્ષશ્રી,**

3.1 રાજ્યની પેક્સોને કોમ્પ્યુટરાઈઝ કરવી, જે અંતર્ગત આ મંડળીઓને હાર્ડવેર તથા સોફ્ટવેર તેમજ ડિજિટાઈઝેશન તથા સપોર્ટ માટે ભારત સરકાર ૬૦% લેખે તથા રાજ્ય સરકાર ૪૦% લેખે સહાય આપવી.પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનના કારણે પેકસની કામગીરી ઝડપી/ પારદર્શક બનશે, પેક્સ સ્તરે રાજ્યોની આપવામાં આવતી સુવિધાઓમાં સુધારો આવશે, નાણાંકીય અનિયમિતતાઓમાં ઘટાડો થશે, સભ્યો માટે વ્યવસાયની તકોમાં વધારો વધશે.

3.2 જન ઔષધિ કેન્દ્ર મારફત મંડળીના સભાસદોને સરળ, ગુણવત્તાસભરદવાઓ પહોંચાડી શકાશે, કોમન સર્વીસ સેન્ટર (**CSC)** મારફતે રેશનકાર્ડ, નવું ડ્રાઈવીંગ લાઈસન્સ અને જુનું લાઈસન્સ રીન્યુ કરવા, સરકારની વિવિધ પ્રકારની યોજના માટે અરજી કરવા, વિવિધ સ્થળોના ઓનલાઈન અરજી કરવા, વિવિધ પ્રકારના બીલ/ ટેક્ષ બીલ/લાઈટ બીલ/ મોબાઈલ બીલ વગેરે પ્રકારની ડીજીટલ સેવાઓ ઘર આંગણે મેળવી શકે તે માટે પ્રયત્નો કરવા.

3.3 ગ્રામ્ય સ્તરે પ્રધાનમંત્રી કિસાન સમૃધ્ધિ કેન્દ્રો (**PMKSK)** શરૂ થતાં ખેડૂતોને એક જ સ્થળેથી કૃષિ સબંધિત તમામ ઓજારો, ખાતરો, જંતુનાશકો દવાઓ,ડ્રોન જેવી સગવડોનો લાભ મળી શકશે. તેમજ આવી સેવાઓથી આખી સેવા મંડળીઓ આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવી.

3.4 રાજ્યના ખેડૂતોને ખેતી માટે શૂન્ય ટકા દરે પાક ધિરાણ પુરૂં પાડવા માટે વ્યાજ સહાય આપવી.

## 4.મહત્વની બજેટ જોગવાઈ

**માનનીય અધ્યક્ષશ્રી,**

**4.1** રાજ્ય  સરકાર પાક ધિરાણ માટે નાણાંકિય સહાય વર્ષ 2024-25 માં 1000 કરોડ ની  વ્યાજ સહાય આપનાર છે.

4.2 જન ઔષધિ કેન્દ્ર ને પ્રોત્સહિત કરવા માટે નાની યોજનાથી શરૂઆત કરેલ છે.

**4.3** પેક્સને  કમ્પ્યુટર હાર્ડવેર માટે પણ કેન્દ્ર સરકાર અને રાજ્યસરકાર સંયુક્ત રીતે ખર્ચ કરનાર છે,તથા પેકસ ને કમ્પ્યુટરાઈઝડ કરવામાં  આવનાર  છે.

**5. સમાપન**

**માનનીય અધ્યક્ષશ્રી,**

5.1 સેવા મંડળીઓ મારફતે ગ્રામ્ય સ્તરે આવેલ લોકોની જરૂરીયાતો સંતોષી શકાય તેમ હોઈ રાજ્ય સરકાર તમામ ગ્રામપંચાયતોને પેક્સના માધ્યમથી આવરી લેવા સતત પ્રયત્ન કરી રહેલ છે. રાજ્ય સરકાર સેવા મંડળીઓને મજબૂત કરવા જે પ્રયાસો કરી રહેલ છે તે જોતાં, આગામી સમયમાં દૂધ સહકારી મંડળીઓની જેમ સેવા મંડળીઓ પણ ગ્રામ્ય અર્થતંત્રને ચેતનવંતુ બનાવવા મહત્વનો રોલ ભજવશે.

5.2 સહકારી પ્રવૃત્તિ જ એવી પ્રવૃત્તિ છે કે જેના માધ્યમથી સમાજમાં આર્થિક સમાનતા સ્થાપી શકાયતેમ હોય માનનીય સહકાર મંત્રીશ્રીદ્વારા સમાજના આર્થિક રીતે પાછળ રહી ગયેલ લોકો, ખેડૂતો, પશુપાલકોને ધ્યાને રાખી જે બજેટ લાવેલ છે તેને હું મારું સમર્થન આપું છું.

# <u>સહકાર</u>

આજે માન.સહકાર મંત્રીશ્રી સહકાર વિભાગ ની વર્ષ–૨૦૨૪/૨૦૨૫ માટે રૂ.૧૫૩૮ કરોડ ની માગણી લઈ ને આવ્યા છે. તે માંગણી ને હુ સમર્થન આપુ છુ અને મારા વિચારો રજૂ કરૂ છુ.

માન.અધ્યક્ષશ્રી ભારતમાં સહકારી ક્ષેત્ર વિશ્વમાં સૌથી મોટુ છે. તે રોજગાર નિમાર્ણ,ગરીબી નાબુદી અને ખાધ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ખુબજ મહત્વ પુર્ણ ભુમીકા ભજવે છે.આઝાદી પછી ગરીબી દુર કરવા અને સામાજીક આર્થીક વુધ્ધીમાં સહકારી સંસ્થાઓ એ ખુબજ મહત્વનો ભાગ ભજવ્યો છે. સહકાર થકી જ ભારતીય અર્થતંત્ર ઉભરી આવ્યુ છે.

માન.અધ્યક્ષશ્રી ગુજરાત એ સહકારી મંડળીઓ ના ઘર તરીકે જાણીતુ છે.રાજય એ કૃષિ સહકારી સંસ્થાઓ ધ્વારા ખેડુતો ના વિકાસ માં અમુલ્ય ભાગ ભજવ્યો છે.

માન.અધ્યક્ષશ્રી ભારતના આદરણીય અને યશસ્વી વડા પ્રધાન માન.મોદી સાહેબ તથા તેમની સરકારે દેશ માં સહકારી ક્ષેત્ર ના વિકાસ પર વિશેષ ભાર મુકયો છે.અને તે લક્ષ્ય સાથે ગયા વર્ષ કેન્દ્ર સરકાર માં સહકાર મંત્રાલય ની રચના કરવામાં આવી અને તેની જવાબદારી દેશના ગૃહ મંત્રી અમિતભાઈ શાહ સાહેબ ને આપવા માં આવી છે. તેઓ એ મંત્રાલય ને સુત્ર આપયુ છે.

"સહકાર થી સમુધ્ધિ જેનો અર્થ સહકાર સાથે સમુધ્ધિ"

માન.અધ્યક્ષશ્રી શરૂઆત ની વાત કરૂ તો ખેડુતો પાસે પોતાની જરૂરીયાત મુજબ નુ ધિરાણ સાહુકારો પાસે થી મેળવ્યા સિવાય કોઈ વિકલ્પ ન હતો. આ સંજોગો માં તેઓ ને ધિરાણ આપવા દેશ માં સહકારી ધોરણે ધિરાણ વિષયક કૃષિ મંડળીઓ ની રચના કરવામાં આવી અને આ દ્વારા ખેડુતો ને સહકારી પ્રવુતિ માફતે સાહુકારો ના ચગુલ માંથી મુકત કરવામાં સહકારી પ્રવુતિઓ મહત્વ નો ભાગ ભજવ્યો છે.

માન.અધ્યક્ષશ્રી રાજયમાં ખેડુતો ને ધિરાણ તેમના ઘર આંગણે થી મળી રહે તે માટે જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક,કોડીનાર તાલુકા કો.ઓ.યુનિયન બેંક તથા તેમની સાથે જોડાયેલ ૧૦ હજાર થી વધુ પેકસ મંડળીઓ નુ મજબુત ધિરાણ માળખુ આપણા રાજય માં તૈયાર કરવામાં આવ્યુ છે.સહકારી સંસ્થાઓ ખેડુતો ને ૭ ટકા ના દરે ધિરાણ આપે છે. તે માંથી ૪ ટકા રાજય સરકાર અને ૩ ટકા કેન્દ્ર સરકાર આ વ્યાજ ની ભરપાઈ કરે છે. માટે ખેડુત ને પાક ધિરાણ વગર વ્યાજે મળી રહે છે.

માન.અધ્યક્ષશ્રી ગત વર્ષ રાજય ના ૨૦ લાખ કરતા વધુ ખેડુતો ને આ યોજના થકી રૂ.૧૬૧૧ કરોડ જેટલી માતબર રકમ સહાય ના તરીકે ચુકવવા માં આવી છ.

માન.અધ્યક્ષશ્રી ગ્રામ્ય કક્ષાએ ગોડાઉનના અભાવે ખેડુતોને પોતાનો માલ તાત્કાલિક વેચવાની ફરજ પડતી હોય છે. પરિણામે સીઝનમાં ઓછો ભાવે વેચાણ કરવાથી ખેડુતો ને નુકસાન થતુ હોય છે. અમારી સરકારે આ બાબત ને ધ્યાને રાખી ગ્રામ્ય કક્ષાએ ગોડાઉન ઉભા કરવા સેવા સહકારી મંડળીઓ ને સહાય આપી રહેલ છે.રાજય સરકાર ના આ પ્રયાસો થી રાજયમાં ૧૨૬૬ જેટલા ગોડાઉનોનુ નિર્માણ પેકસ

ધ્વારા થયેલ છે. જેના પરીણામે સેવા મંડળીઓ મારફતે ૨.૭૫ લાખ મેટ્રીક ટન થી વધુ સંગ્રહ ક્ષમતા ઉભી થયેલ છે.

માન.અધ્યક્ષશ્રી આજના વિકસિત ગુજરાત માં સહકાર વિભાગ પણ ટેકનોલીજી મારફતે પ્રગતી હેઠળ છે.સેવા મંડળીઓ ગ્રામ્ય અર્થતંત્ર ને એક વાઈબ્રેન્ટ એકમ બની રહે અને તેઓ ના સભાસદોને ઉતમ સેવાઓ પુરી પાડી શકે તે માટે જન ઔષધિ કેન્દ્ર ,કોમન સર્વીસ સેન્ટર ,પ્રધાન મંત્રી કિસાન સમૃધિ કેન્દ્ર જેવી કામગીરી શરૂ કરી તમામ સવલતો ગામડા ના નાગરીક ને ઘરે મળી રહે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહેલ છે.

માન.અધ્યક્ષશ્રી ગુજરાત રાજય માં દુધ સહકારી મંડળીઓ ની શરૂઆત ખેડા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ સાથે થઈ હતી જેની રચના થી મુંબઈ માં સિધુ દુધ સપલાય કરવામાં આવતુ હતુ .તે સમયે વેપારીઓ મનસ્વી રીતે દુધ ના ભાવ નકકી કરતા હતા અને દુધ ના ભાવ ખુબ ઓછા ચુકવાતા હતા. આજે ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માકેટીગ ફેડરેસન કે જે અમુલ બ્રાન્ડ થી વિશ્વભર માં વિખ્યાત છે.હાલ માંજ અમુલ બ્રાન્ડ ને ૫૦ વર્ષ ની સુવર્ણ જંયતી ઉજવણી દેશના યશશ્વી વડા પ્રધાન માન.મોદી સાહેબ ધ્વારા કરવામાં આવી હતી. જેમા માન.મોદી સાહેબે આ સંસ્થા ને વિશ્વની પ્રથમ નંબર ની સંસ્થા બનાવવા ની ગેરંટી આપી છે.

માન.અધ્યક્ષશ્રી જેમ દુધ ઉત્પાદક સહકારી સંઘો ડેરી પ્લાટ ચલાવે છે તેમ શેરડી ના ખેડુતો ધ્વારા ખાંડ સહકારી મંડળીઓ રાજય માં સુગર મીલ ચલાવે છે.ગુજરાત સ્ટેટ ફેડરેસન ઓફ કો.ઓ.સુગર ફેકટરી લી. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત એ ભારત નુ એક માત્ર રાજય છે જયા મોટી સંખ્યામાં સહકારી ખાંડ ના કારખાના ઓ છે.

માન.અધ્યક્ષશ્રી ગુજરાત માં સહકારી ચળવળ ની ઉત્કૃષ્ટતા ધરાવતા ક્ષેત્રો માં બેંકીંગ ક્ષેત્ર સ્થાનીક સ્થરે બેંકીગ સેવાઓ પુરી પાડવા માટે રાજય માં મોટી સંખ્યામાં શહેરી સહકારી બેંકો છે. સહકારી બેંકો પરંપરાગત રીતે ભારતીય આર્થીક વ્યવસ્થા નો અભિન અને નિર્ણાયક ભાગ રહે છે. આવી જ સહકારી બેંકો સમાજ ની નિષ્ક્રીય બચત ને ફળદાય આર્થીક સહાસો તરફ લઈ જવામાં મદદ કરે છે. આ સહકારી બેંકો આવી બચત ને ધિરાણ સુવિધાઓ માં પરીવર્તન કરી શહેરી વિસ્તાર માં નાના અને મધ્યમ વર્ગના ઉધ્યોગોના વિકાસ માં મદદ કરે છે.

માન.અધ્યક્ષશ્રી સહકાર એકજ એવુ માધ્યમ છે જેના વડે શહેર અને ગ્રામ્ય બન્ને નો વિકાસ કરી શકાય.સહકારી પ્રવુતિઓ ધ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પણ અસંખ્ય યોજના ઓ ઘડવામાં આવી છે.

માન.અધ્યક્ષશ્રી સહકારી ક્ષેત્ર યુવાનો માટે રોજગાર માટે સૌથી મોટુ ક્ષેત્ર છે.સહકારી ક્ષેત્ર વિશ્વમાં સૌથી સફળ આર્થિક માળખુ પ્રધાન કરે છે.રાજય સરકાર ધ્વારા સહકારી મંડળીઓ માટે વિવિધ યોજનાઓ અમલ માં મુકવા માં આવે છે અને રાજય ની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ માટે પણ આવી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે જેનો લાભ કોઈપણ જાતના ભેદભાવ વિના દેશના તમામ લોકો ને મળી રહયો છે.

માન.અધ્યક્ષશ્રી હુ દાહોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના ચેરમેન તરીકે સેવા આપી રહીયો છુ જેથી નિશ્ચિત રીતે કહી શકુ છે કે સહકારી પ્રવુતિ જ એવી પ્રવુતિ છે જેના માધ્યમ થી સમાજમાં આર્થીક સમાનતા સ્થાપી શકાય તેમ હોય માન.સહકાર મંત્રીશ્રી ધ્વારા સમાજના આર્થીક રીતે પાછળ રહીગયેલ લોકો, ખેડુતો ,પશુ પાલકો ને ધ્યાને રાખી જે બજેટ લાવ્યા છે તેને હુ મારૂ સમર્થન આપુ છુ.